ખાણો અને રોજગારી બચાવવા સરકાર સક્રિય

ઘટતા જતાં ભાવથી દક્ષિણ આફ્રિકાનો હીરા ઉદ્યોગ સંકટમાં

લેબગ્રોન હીરાની વધતી સ્પર્ધા, રફ હીરાના ભાવમાં ઘટાડો અને વૈશ્વિક મોંઘવારીની અસર

ડી-બિયર્સની વેનેશિયા ખાણમાં બે વર્ષ ઉત્પાદન સ્થગિત કરવાની જાહેરાત

સુરતઃ વિશ્વના અગ્રણી કુદરતી હીરા ઉત્પાદક દેશોમાં સ્થાન ધરાવતા દક્ષિણ આફ્રિકાનો ડાયમંડ ઉદ્યોગ હાલ ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યો છે. રફ હીરાના આંતરરાષ્ટ્રીય બજારમાં સતત ઘટતા ભાવ, લેબગ્રોન હીરાની વધતી સ્પર્ધા અને વૈશ્વિક મોંઘવારીના કારણે હીરાની ખાણોનું સંચાલન મુશ્કેલ બન્યું છે. આ પરિસ્થિતિમાં ખાણો અને હજારો કામદારોની રોજગારી બચાવવા દક્ષિણ આફ્રિકાની સરકારે સરકાર અને ઉદ્યોગના પ્રતિનિધિઓની સંયુક્ત ટાસ્ક ટીમની રચના કરી છે.

દક્ષિણ આફ્રિકાના ખનીજ અને પેટ્રોલિયમ સંસાધન મંત્રી ગ્વેડે માંટાશે દ્વારા સંસદમાં આ માહિતી આપવામાં આવી હતી. આ ટાસ્ક ટીમમાં મિનરલ્સ કાઉન્સિલ સાઉથ આફ્રિકા અને ડાયમંડ ઉત્પાદક કંપનીઓના પ્રતિનિધિઓ પણ સામેલ થશે. મોટી માઇનિંગ કંપનીઓથી લઈને નાના અને મધ્યમ સ્તરના ખાણ સંચાલકોને રાહત મળે તેવા ઉપાયો શોધવાની જવાબદારી ટીમને સોંપવામાં આવી છે.

ઉદ્યોગની કથળતી સ્થિતિનો અંદાજ બે મોટી ઘટનાઓ પરથી આવી શકે છે. પેટ્રા ડાયમંડ્સે પોતાની ફિન્સ્ચ ખાણને બિઝનેસ રેસ્ક્યુ પ્રક્રિયા હેઠળ મૂકી છે. બીજી તરફ વિશ્વની અગ્રણી હીરા કંપની ડી-બિયર્સે દક્ષિણ આફ્રિકાની સૌથી મોટી વેનેશિયા ખાણમાં બે વર્ષ માટે ઉત્પાદન સ્થગિત કરવાની જાહેરાત કરી છે.

પેટ્રા ડાયમંડ્સના જણાવ્યા અનુસાર નાના કદના હીરાના ભાવમાં માળખાકીય ઘટાડો અને દક્ષિણ આફ્રિકાના ચલણ રેન્ડની મજબૂતાઈને કારણે ફિન્સ્ચ ખાણનું સંચાલન આર્થિક રીતે બિનટકાઉ બન્યું છે. એપ્રિલ અને મે મહિનાના ટેન્ડરમાં ફિન્સ્ચના હીરાનો સરેરાશ ભાવ પ્રતિ કેરેટ 47 ડોલર રહ્યો હતો, જે અગાઉ 56 ડોલર હતો.

સરકારની ટાસ્ક ટીમ ઉદ્યોગની સમસ્યાઓનો અભ્યાસ કરીને રાહતનાં પગલાં સૂચવશે. જોકે, હજુ સુધી ટીમની સમયમર્યાદા, ચોક્કસ ભલામણો કે વધારાના બજેટની જાહેરાત કરવામાં આવી નથી.

લેબગ્રોન હીરાની સ્પર્ધા અને કુદરતી હીરાના ઘટતા ભાવને કારણે દક્ષિણ આફ્રિકાના ખાણ ઉદ્યોગમાં સર્જાયેલી સ્થિતિ વૈશ્વિક કુદરતી હીરા બજાર માટે પણ ચિંતાનો વિષય બની છે. આ સંકટ કેટલું લાંબું ચાલે છે તેના પર વિશ્વના હીરા ઉત્પાદકો અને સુરત જેવા હીરા પ્રોસેસિંગ કેન્દ્રોના વેપારની દિશા પણ નિર્ભર રહેશે.

ઓગસ્ટ સુધી હીરા ઉત્પાદનમાં 19.5 ટકાનો ઘટાડો

સરકારી આંકડા મુજબ ઓગસ્ટ-2026 સુધીના વર્ષ દરમિયાન દક્ષિણ આફ્રિકાના હીરા ઉત્પાદનમાં 19.5 ટકાનો ઘટાડો નોંધાયો છે. સ્ટેટિસ્ટિક્સ સાઉથ આફ્રિકાના આંકડા અનુસાર ઓગસ્ટમાં પૂરા થયેલા ત્રણ મહિનામાં અગાઉના ત્રણ મહિનાની સરખામણીએ મોસમી અસરને સમાયોજિત કર્યા બાદ હીરા ઉત્પાદનમાં 23 ટકાનો ઘટાડો થયો હતો. ડી-બિયર્સના આંકડા પણ ચિંતાજનક છે. વર્ષ-2026ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં દક્ષિણ આફ્રિકાનું ઉત્પાદન વાર્ષિક ધોરણે 37 ટકા ઘટીને માત્ર 4.18 લાખ કેરેટ રહ્યું હતું. વેનેશિયા ખાણમાં ઉત્પાદન અને પ્રોસેસિંગ ઘટાડવામાં આવતાં આ અસર જોવા મળી હતી. ડી-બિયર્સે 2026ના બાકીના સમયગાળામાં દક્ષિણ આફ્રિકામાંથી વધુ હીરા ઉત્પાદન થવાની અપેક્ષા ન હોવાનું જણાવ્યું છે.

રાજ્યના 8 જિલ્લામાં લઘુતમ તાપમાન 20 ડિગ્રીથી નીચે

રાત્રે 10 વાગ્યા બાદ ઠંડીનો ચમકારો વધ્યો, ડીસા 38.6 ડિગ્રી સાથે સૌથી ગરમ

ગાંધીનગરઃ રાજ્યમાં ધીમે ધીમે શિયાળાનો પ્રભાવ વર્તાવા લાગ્યો છે. વાતાવરણમાં આવી રહેલા પલટા વચ્ચે રાત્રિના તાપમાનમાં ઘટાડો થતાં અનેક વિસ્તારોમાં વહેલી સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. રાજ્યના આઠ જિલ્લાઓમાં લઘુતમ તાપમાન 20 ડિગ્રીથી નીચે નોંધાતાં શિયાળાના આગમનના એંધાણ મળી રહ્યા છે. ખાસ કરીને નલિયામાં પારો ગગડીને 17.2 ડિગ્રી સુધી પહોંચ્યો છે.

અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વહેલી સવારે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે, જ્યારે રાત્રે 10 વાગ્યા બાદ વાતાવરણમાં ઠંડક વધવા લાગી છે.

હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યના ગુજરાત રિજન, સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહ્યું હતું.

લઘુતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં લઘુતમ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું હતું, જ્યારે ગુજરાત રિજનના કેટલાક વિસ્તારોમાં પણ તાપમાન સામાન્ય કરતાં ઊંચું રહ્યું હતું. આમ છતાં નલિયામાં 17.2 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી નીચું લઘુતમ તાપમાન નોંધાયું હતું. અમરેલીમાં 18.8 ડિગ્રી, ભાવનગરમાં 19.2 ડિગ્રી, મહુવામાં 18.1 ડિગ્રી અને વડોદરામાં 19.5 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. રવિવારે ડીસામાં સૌથી વધુ 38.6 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

અમરેલીમાં વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો એન્જિનનો કાચ તૂટયો

લાઠી-ખીજડિયા વચ્ચે અજાણ્યા શખ્સોની કરતૂત, સદનસીબે કોઇ મુસાફરને ઈજા નહીં



ગાંધીનગરઃ ગુજરાતમાં ફરી એકવાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને નિશાન બનાવવાની ઘટના સામે આવી છે.

અમરેલી જિલ્લાના લાઠી અને ખીજડિયા વચ્ચે સાબરમતીથી વેરાવળ તરફ જઈ રહેલી વંદે ભારત ટ્રેન પર અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કરતાં ટ્રેનના આગળના ભાગનો કાચ તૂટી ગયો હતો. અચાનક થયેલા આ હુમલાને પગલે ટ્રેનમાં સવાર મુસાફરોમાં ફફડાટ ફેલાયો હતો. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા થઈ ન હતી અને ટ્રેનને સુરક્ષિત રીતે આગળ રવાના કરવામાં આવી હતી.

પ્રાથમિક વિગતો મુજબ, વંદે ભારત એક્સપ્રેસ લાઠી અને ખીજડિયા વચ્ચેના રેલવે ટ્રેક પરથી પસાર થઈ રહી હતી ત્યારે અજાણ્યા ઈસમોએ તેના પર પથ્થરમારો કર્યો હતો. એક પથ્થર ટ્રેનના આગળના ભાગના કાચ સાથે અથડાતાં કાચ તૂટી ગયો હતો અને ટ્રેનને નુકસાન પહોંચ્યું હતું.

બનાવ બાદ રેલવે તંત્ર દ્વારા જરૂરી તપાસ હાથ ધરી ટ્રેનને આગળ જવા દેવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં રેલવે તંત્ર અને સ્થાનિક પોલીસ હરકતમાં આવી હતી.

લાઠી પોલીસ દ્વારા ઘટનાસ્થળની તપાસ કરી પથ્થરમારો કરનારા શખ્સોની ઓળખ મેળવવા અને તેમની ભાળ મેળવવા તપાસ શરૂ કરવામાં આવી છે. અજાણ્યા શખ્સોએ કયા ઈરાદાથી ટ્રેન પર પથ્થરમારો કર્યો તે સહિતના પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે.

નૂતન વર્ષે મુખ્યમંત્રી નાગરિકોને શુભેચ્છાઓ પાઠવશે

સવારે પંચદેવ મંદિર અને અડાલજ ત્રિમંદિરમાં દર્શન કરશે



ગાંધીનગરઃ વિક્રમ સંવત ૨૦૮૩ના નૂતન વર્ષના પ્રારંભે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૧૦ નવેમ્બરના રોજ ગાંધીનગર અને અમદાવાદમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરશે. પરંપરા મુજબ ધાર્મિક સ્થળોએ દર્શનથી નવા વર્ષની શરૂઆત કર્યા બાદ તેઓ ગાંધીનગરમાં મંત્રીમંડળ નિવાસ સંકુલ ખાતે નાગરિકો સાથે સ્નેહમિલન કરશે. ત્યારબાદ અમદાવાદમાં પણ નાગરિકો અને પોલીસ પરિવાર સાથે નૂતન વર્ષની ખુશીઓ વહેંચશે.

મુખ્યમંત્રી સવારે ૭ વાગ્યે ગાંધીનગરના પંચદેવ મંદિરે દર્શન કરીને નવા વર્ષની શરૂઆત કરશે. ત્યારબાદ સવારે ૭:૩૦ કલાકે અડાલજના ત્રિમંદિરે દર્શન-પૂજન કરશે. સવારે ૮ વાગ્યે મંત્રીમંડળ નિવાસ સંકુલના કોમ્યુનિટી સેન્ટર ખાતે નાગરિકો અને પ્રજાજનો સાથે નૂતન વર્ષાભિનંદનના શુભેચ્છા સ્નેહમિલનમાં ભાગ લેશે. આ ઉપરાંત સવારે ૮:૫૦ કલાકે રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવશે. અમદાવાદમાં સવારે ૧૦ વાગ્યે ભદ્રકાળી માતાના મંદિરે દર્શન કર્યા બાદ ૧૦:૩૦ કલાકે શાહીબાગ સ્થિત એનેક્સી સ્ટેટ ગેસ્ટ હાઉસ ખાતે નાગરિકો સાથે શુભેચ્છાઓની આપ-લે કરશે. નૂતન વર્ષના દિવસે બપોરે ૧૧:૪૫ કલાકે શાહીબાગ ડફનાળા સ્થિત પોલીસ ઓફિસર્સ મેસ ખાતે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારજનો માટે આયોજિત સ્નેહમિલન સમારોહમાં પણ મુખ્યમંત્રી ઉપસ્થિત રહી તેમને નવા વર્ષની શુભકામનાઓ પાઠવશે.

ક્રેડિટ કાર્ડની લાલચે લોકોના ખાતા ખાલી થઇ રહ્યાં છે

ફેસબુક પર ICICI બેંકના ક્રેડિટ કાર્ડની જાહેરાત જોઈ રૂપિયા 2.33 લાખનો ચૂનો

સુરત : સાયબર ઠગો હવે બેંકના ક્રેડિટ કાર્ડની લાલચ આપીને લોકોના બેંક ખાતાં ખાલી કરી રહ્યા છે. ફેસબુક પર ICICI બેંકના ક્રેડિટ કાર્ડની જાહેરાત જોઈ તેના માટે અરજી કરવી એક કાપડના કારખાનામાં નોકરી કરતા યુવકને ભારે પડી હતી.

એ.કે. રોડ પર ધરમનગર ચાર રસ્તા પાસે જયરામનગર સોસાયટીમાં રહેતા 37 વર્ષીય હિતેશભાઈ વાંમજા પાસોદરા ખાતે ભરતભાઈ કારટિયાના કાપડના ખાતામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત 7 સપ્ટેમ્બરના રોજ તેઓ મોબાઇલમાં ફેસબુક જોઈ રહ્યા હતા ત્યારે 'RupyCredde' નામના પેજ પર ICICI બેંકના ક્રેડિટ કાર્ડ માટે અરજી કરવાની જાહેરાત જોવા મળી હતી. ક્રેડિટ કાર્ડ મેળવવાની ઇચ્છાથી તેમણે જાહેરાતમાં આપેલા 'Apply Now' પર ક્લિક કર્યું હતું. બીજા દિવસે 8 સપ્ટેમ્બરના રોજ અજાણ્યા મોબાઇલ નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે ICICI બેંકમાંથી બોલતો હોવાનું જણાવી ક્રેડિટ કાર્ડની અરજી અંગે પૂછપરછ કરી હતી. ત્યારબાદ વોટ્સએપ કોલ કરીને એક લિંક મોકલી તેના પર ક્લિક કરાવ્યું હતું. હિતેશભાઈ પાસે SBI બેંકનું રૂપિયા 3.15 લાખની મર્યાદાવાળું ક્રેડિટ કાર્ડ હોવાનું જાણવા મળતાં ઠગે તેની વિગતો માગી હતી અને તેના આધારે રૂપિયા 4 લાખની મર્યાદાવાળું ICICI કાર્ડ કોઈ ચાર્જ વગર આજીવન મફત આપવાની લાલચ આપી હતી. આ દરમિયાન ઠગે હિતેશભાઈ પાસેથી SBI ક્રેડિટ કાર્ડનો નંબર મેળવી લીધો હતો. મોબાઇલની ગેલેરીમાં રહેલા પાનકાર્ડનો ફોટો સ્કેન કરી લીધો હોવાની પણ જાણ કરી હતી. ત્યારબાદ ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા 50 હજાર, રૂપિયા 80 હજાર, રૂપિયા 50 હજાર, રૂપિયા 50 હજાર અને રૂપિયા 3 હજાર મળી કુલ રૂપિયા 2.33 લાખના વ્યવહારો કરી લીધા હતા. મોબાઇલ હેક થઈ નાણાં ઉપડી ગયાની જાણ થતાં હિતેશભાઈએ તાત્કાલિક 1930 સાયબર હેલ્પલાઇન પર ફરિયાદ નોંધાવી હતી. બાદમાં અશ્વિનીકુમાર પોલીસ મથકમાં અજાણ્યા મોબાઇલ ધારક વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

વેપારીનો મોબાઈલને હેક કરી રૂ.1.61 લાખ સેરવી લેવાયા

સુરતઃ વાલક પાટિયા પાસે આવેલી ઈન્ફિનિટી બાગ એપાર્ટમેન્ટમાં રહેતા અને ભટાર ખાતે 'એન.એચ.પી.સી. મોડ્યુલેટ' નામે દુકાન ચલાવી એલ્યુમિનિયમ સેક્શનનું કામકાજ 38 વર્ષીય નિતીનભાઈ બાબુભાઈ છોડવડીયા સાથે સાયબર ઠગાઈની ઘટના બની છે.

ઠગોએ તેમનો મોબાઇલ ફોન હેક કરીને IDFC ફર્સ્ટ બેંક, બેંક ઓફ બરોડા અને HDFC બેંકના ખાતાંમાંથી કુલ રૂ.૧.૬૧ લાખ ઉપાડી લીધા હતા. ખાસ વાત એ છે કે વેપારીએ કોઈને પણ OTP આપ્યો ન હતો, છતાં તેમના મોબાઈલમાં સળંગ ઓટીપીના મેસેજ આવ્યા હતા અને ગણતરીની મિનિટોમાં ખાતાંમાંથી નાણાં કપાઈ ગયા હતા. આ અંગે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાતા લસકાણા પોલીસે મોબાઇલ અને શંકાસ્પદ વ્યવહારોના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

ફોટો એડિટિંગની એપ ડાઉનલોડ કરતાં જ બેંક ખાતું સાફ થઈ ગયું

વરાછાના યુવકે '101 Red TV' નામની APK ફાઇલ ઇન્સ્ટોલ કરતાં 3.17 લાખ ઉપડી ગયા

સુરતઃ મોબાઈલમાં ફોટો એડિટ કરવા માટે ઈન્ટરનેટ પર એપ્લિકેશન શોધવી એક યુવકને ભારે પડી હતી. ગૂગલ ક્રોમ પર ફોટો એડિટિંગ માટે સર્ચ કરતી વખતે મળેલી શંકાસ્પદ APK ફાઈલ ડાઉનલોડ કરીને ઈન્સ્ટોલ કર્યા બાદ યુવકની પત્નીના બેંક ખાતામાંથી રૂ. 3.17 લાખ ઉપડી ગયા હતા.

મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ વરાછાના લંબે હનુમાન રોડ પર ઘનશ્યામનગરમાં રહેતા 31 વર્ષીય સુનીલકુમાર બિંદ એમ્બ્રોઈડરીના ખાતામાં નોકરી કરે છે. તેમની પત્ની રીંકીકુમારી ભરતનગર વિસ્તારમાં આરાધ્યા કટલેરી નામની દુકાન ચલાવે છે. સુનીલકુમારે અંગત વપરાશ માટે પત્નીના નામે યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં બચત ખાતું ખોલાવ્યું હતું. ફરિયાદ મુજબ, ગત 12 ઓક્ટોબરેસુનીલકુમાર મોબાઈલમાં ગૂગલ ક્રોમ મારફતે ફોટો એડિટ કરવા માટે એપ્લિકેશન શોધી રહ્યા હતા. આ દરમિયાન મોબાઈલમાં 'EFpJTq Duhk2U.apk (101 Red TV)' નામની ફાઈલ જોવા મળતાં તેમણે તેને ડાઉનલોડ કરીને ઈન્સ્ટોલ કરી હતી. ત્યારબાદ 19 ઓક્ટોબરે પત્નીના યુનિયન બેંકના ખાતામાંથી એક પછી એક પાંચ વ્યવહારો થયા હતા. જેમાં રૂ.70 હજાર, રૂ.25 હજાર, રૂ.90 હજાર, રૂ.95 હજાર અને રૂ.37 હજાર મળી કુલ રૂ.3,17,000 ઉપડી ગયા હતા. સુનીલકુમારે તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર 1930 પર સંપર્ક ફરિયાદ નોંધાવી હતી. જોકે, નાણાં પરત નહીં મળતાં અંતે વરાછા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે એપ્લિકેશન અને નાણાંના વ્યવહારોના આધારે સાયબર ઠગાઈની તપાસ હાથ ધરી છે.

શેરબજારમાં બમણો નફાની લાલચ આપી રૂપિયા 4.42 લાખની ઠગાઈ

'Algonex Capital' ટ્રેડિંગ એપ્લિકેશનમાં રોકાણ કરાવી 15 વખતમાં નાણાં પડાવ્યા

સુરત : પુણાગામમાં રહેતા અને બેંકમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા મહારાષ્ટ્રના એક શ્રમિકને શેરબજારની ટ્રેડિંગ એપ્લિકેશનમાં વધુ નફો મળવાની લાલચ આપીને રૂપિયા 4.42 લાખની છેતરપિંડી આચરવામાં આવી છે. 'Algonex Capital' નામની એપ્લિકેશનમાં રોકાણ કરાવ્યા બાદ રૂપિયા 10 લાખ જેટલું રિટર્ન મળવાની લાલચ આપવામાં આવી હતી. જોકે, નફાની રકમ ઉપાડવાનો પ્રયાસ કરતાં જ એપ્લિકેશન બંધ થઈ જતાં પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું હતું.

મૂળ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના મસલુલ ગામના વતની અને હાલ પુણાગામની ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં ભાડેથી રહેતા 43 વર્ષીય પ્રશાંત પોપટરાવ જાધવ સુમુલ ડેરી ખાતે આવેલી ઇન્ડસઇન્ડ બેંકની શાખામાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. તેમનો પરિવાર વતનમાં રહે છે.ફરિયાદ મુજબ, ઓક્ટોબર 2026માં તેમના મોબાઇલ પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ 'Algonex Capital' તરફથી તરુણ શર્મા તરીકે આપી હતી. શેરબજારની ટ્રેડિંગ એપ્લિકેશન ચલાવતા હોવાનું જણાવી અન્ય એપ્લિકેશનની સરખામણીએ વધુ નફો મળવાની ખાતરી આપી હતી. ત્યારબાદ વોટ્સએપ પર લિંક મોકલી 'Algonex Capital' એપ્લિકેશન ડાઉનલોડ કરાવી તેમાં ડિમેટ એકાઉન્ટ ખોલાવ્યું હતું.રોકાણ માટે વોલેટ બનાવી અલગ-અલગ ક્યુઆર કોડ મોકલવામાં આવતા પ્રશાંતે 13થી 27 ઓક્ટોબર દરમિયાન પોતાના એસબીઆઈ બેંક ખાતામાંથી કુલ 15 વખતમાં નાણાં ટ્રાન્સફર કર્યા હતા. રૂપિયા 2 હજારથી લઈને રૂપિયા 50 હજાર સુધીના વ્યવહારો મારફતે કુલ રૂપિયા 4,42,000 એપ્લિકેશનમાં રોક્યા હતા. એપ્લિકેશનમાં રોકાણની રકમ અને નફો વધતો હોવાનું દર્શાવવામાં આવતું હતું. આ રોકાણ સામે આશરે રૂપિયા 10 લાખનું રિટર્ન મળવાની આશા બંધાઈ હતી. જોકે, 27 ઓક્ટોબરે પ્રોફિટ ઉપાડવા જતાં જ એપ્લિકેશન બંધ થઈ ગઈ હતી. જેથી પ્રશાંતે તાત્કાલિક 1930 સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી. આ મામલે પુણા પોલીસ મથકમાં તરુણ શર્મા સહિત તપાસમાં બહાર આવે તેવા આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવાઈ છે. પોલીસે રૂપિયા 4.42 લાખની સાયબર ઠગાઈ અંગે તપાસ હાથ ધરી છે.

કડોદરામાં ફટાકડો ફોડતી વખતે છ વર્ષનો બાળક દાઝયો

સુરતઃ કડોદરાની કૃષ્ણનગર સોસાયટીમાં રહેતા દ્વારકાપ્રસાદ યાદવનો છ વર્ષનો પુત્ર રોહિત શનિવારે રાત્રે ઘર પાસે ફટાકડા ફોડી રહ્યો હતો. આ દરમિયાન ફટાકડાના કારણે તેના માથા અને છાતીના ભાગે દાઝી જવાથી ઈજા થઈ હતી. બનાવને પગલે પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી. બાળકને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુરત શહેરમાં દાઝી જવાના અનેક બનાવો નોંધાયા છે સાથે સાથે ગામડાંઓમાં પણ દાઝી જવાના કેસ બન્યા છે. હજી દેવદીવાળી સુધી ફટકડા ફોડવાનું ચલણ રહેશે એટલે ફટાકડા ફોડતી વખતે બાળકોની સાથે વડીલોએ રહેવું જોઇએ તેવી સલાહ તબીબો આપી રહ્યાં છે.

પોલીસમાં નોકરીના નામે શિક્ષિકા પાસેથી રૂ.5.99 લાખ પડાવ્યા

ઠગે મોટા અધિકારીઓ અને મંત્રીઓ સાથે ઓળખાણ હોવાનો રોફ જમાવ્યો

સુરતઃ પરિચિત વ્યક્તિના ભત્રીજાએ મોટા અધિકારીઓ અને મંત્રીઓ સાથે ઓળખાણ હોવાનો રોફ જમાવી એક શિક્ષિકા પાસેથી પોલીસ કોન્સ્ટેબલની નોકરી અપાવવાના બહાને રૂ.5.99 લાખ પડાવી લીધા હતા.

વેલંજા રોડ પર આવેલી સૌરાષ્ટ્ર ગ્રીન સિટીમાં રહેતી 33 વર્ષીય દેવિકાબેન વાળા મોટા વરાછાની આશાદીપ સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે. તેમના પતિ હીરાના કારખાનામાં મેનેજર છે. તેમના પડોશમાં ભાડેથી રહેતા ગોકળભાઈ મોવલિયાના પરિવાર સાથે ઘર જેવા સંબંધો હતા. ગોકળભાઈએ પોતાના ભાઈના પુત્ર સાવન મોવલિયાની ઓળખાણ દેવિકાબેન અને તેમના પતિ સાથે કરાવી હતી. ગોકળભાઈએ સાવનને નાણાંની જરૂર હોવાનું જણાવી રૂ.પાંચ લાખ ઉછીના આપવા વિનંતી કરી હતી. સંબંધો અને વિશ્વાસના આધારે દેવિકાબેને 16 ડિસેમ્બર, 2025ના રોજ આરટીજીએસ મારફતે રૂ.4,99,999 ટ્રાન્સફર કર્યા હતા. બદલામાં સાવને બેંક ઓફ બરોડાનો રૂ.4,99,999નો સહી કરેલો ચેક સિક્યુરિટી તરીકે આપ્યો હતો. ત્યારબાદ સાવને પોલીસ કોન્સ્ટેબલની સરકારી નોકરી અપાવવાની લાલચ આપી હતી. મોટા અધિકારીઓ અને મંત્રીઓ સાથે ઓળખાણ હોવાનો દાવો કરી અલગ-અલગ અધિકારીઓ સાથેના ફોટા પણ બતાવ્યા હતા. ડિસેમ્બર મહિનામાં ચીખલી ટોલનાકા પાસે આવેલી મહાદેવ હોટલમાં દેવિકાબેન, તેમના પતિ, પતિના મિત્ર અને ગોકળભાઈ સાથે મુલાકાત દરમિયાન વધુ એક લાખ રૂપિયા આપશો તો 30 દિવસમાં પોલીસ કોન્સ્ટેબલનો ઓર્ડર અપાવી દેવાની ખાતરી આપી હતી. આથી 29 ડિસેમ્બરે વધુ એક લાખ રૂપિયા તેના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. જોકે, નોકરીનો ઓર્ડર ન મળતાં પતિએ ઉઘરાણી કરતાં ફાઈલ સાહેબ પાસે હોવાનું કહી આશ્વાસન આપ્યું હતું. અંતે 6 એપ્રિલ, 2026 સુધીમાં તમામ નાણાં પરત આપવાની ખાતરી આપી હતી, પરંતુ સિક્યુરિટીનો ચેક પણ પરત ફર્યો હતો. આથી દેવિકાબેને સાવન હરેશભાઈ મોવલિયા વિરુદ્ધ રૂ.5,99,999ની છેતરપિંડી અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ઉત્રાણ પોલીસે ફરિયાદના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

ડ્રાઇવિંગ લાયસન્સ નહીં હોય તો પણ વળતર મળે

કતારગામના અકસ્માતના મૃત્યુ કેસમાં પે એન્ડ રિકવરનો આદેશ

લવજીભાઈ કેવડિયાના પરિવારજનોને ૨૭ લાખનું વળતર મળશે

સુરતઃ ઓગસ્ટ-૨૦૧૬માં અડાજણ વિસ્તારમાં થયેલા માર્ગ અકસ્માતના કેસમાં કતારગામનાં એમ્બ્રોઈડરી વેપારી મૃતક લાલજીભાઈ લવજીભાઈ કેવડિયાના પરિવારજનોને કુલ ૨૭,૦૯,૫૪૮નું વળતર વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલે (મુખ્ય) કર્યો હતો.

મૃતક લાલજીભાઈ કેવડિયા મોપેડ પર અડાજણ નિશાલ આર્કેડથી ગેલક્ષી સર્કલ તરફ જતા હતા. તે જ સમયે સામેથી પૂરપાટ અને બેદરકારીપૂર્વક આવી રહેલી બાઇકના ચાલક કાર્તિક રાજેશભાઈ ગુસેએ મોપેડને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા લાલજીભાઈનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ મામલે અડાજણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. મૃતકના પત્ની ગીતાબેન અને પુત્ર હર્ષે ૩૫ લાખના વળતર માટે ટ્રિબ્યુનલમાં દાવો કર્યો હતો.

વીમા કંપની તરફથી દલીલ કરવામાં આવી હતી કે અકસ્માત સમયે બાઇક ચાલક સગીર હતો અને તેની પાસે ડ્રાઇવિંગ લાઇસન્સ નહોતું. જેથી પૉલિસીની શરતોનો ભંગ થયો હોવાથી કંપની વળતર ચૂકવવા બંધાયેલી નથી. તમામ પક્ષકારોની રજૂઆત બાદ ટ્રિબ્યુનલે બાઇક ચાલક સગીર અને બિન-લાઇસન્સધારી હોવાથી વીમા કંપનીને જવાબદારીમાંથી મુક્ત કરી વીમા કંપનીને પહેલા વળતર ચૂકવવાનો અને ત્યારબાદ વાહન માલિક પાસેથી તે રકમ વસૂલ કરવાનો ('પે એન્ડ રિકવર') હુકમ કર્યો હતો.

ડિંડોલી બ્રિજ પર બે સિટી બસ રસ્તા વચ્ચે ખોટકાઈ

સાંકડા બ્રિજ પર એક બસ બંધ પડતાં બીજી બસને નીકળવાની જગ્યા ન મળી

બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી, મુસાફરોએ ધક્કા મારવા પડ્યા

સુરતઃ દિવાળીના તહેવારના દિવસે ડિંડોલી બ્રિજ પર પાલિકા સંચાલિત બે સિટી બસ એકસાથે રસ્તા વચ્ચે ખોટકાઈ જતાં ટ્રાફિક જામની ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. સાંકડા બ્રિજ પર એક બસ અચાનક બંધ પડી જતાં તેની બાજુમાંથી નીકળવાનો પ્રયાસ કરતી બીજી બસ પણ ફસાઈ ગઈ હતી. પરિણામે બ્રિજ પર વાહન વ્યવહાર ઠપ થઈ ગયો હતો અને બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી હતી. તહેવારના દિવસે પરિવાર સાથે અવરજવર કરતા લોકો સહિત અનેક વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ડિંડોલી બ્રિજ પરથી પસાર થઈ રહેલી પાલિકા સંચાલિત સિટી બસ અચાનક બંધ પડી ગઈ હતી. બ્રિજની પહોળાઈ ઓછી હોવાથી બંધ પડેલી બસની બાજુમાંથી અન્ય વાહનો પસાર થઈ શકે તેટલી જગ્યા રહી નહોતી. આ દરમિયાન પાછળથી આવી રહેલી બીજી સિટી બસના ચાલકે સાંકડી જગ્યામાંથી બસ પસાર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ જગ્યા ઓછી હોવાને કારણે બીજી બસ પણ આગળ વધી શકી નહોતી. આમ, એક બસના બ્રેકડાઉનની સમસ્યામાં બીજી બસ પણ ઉમેરાતાં સમગ્ર બ્રિજ પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો.

બંને બસ રસ્તા વચ્ચે ફસાઈ જતાં બાઈક પસાર થઈ શકે તેટલી જગ્યા પણ રહી નહોતી. બ્રિજની બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી હતી અને લોકો લાંબા સમય સુધી ટ્રાફિકમાં અટવાયા હતા.

વતન જતા પરિવારનુ રૂ.2.44 લાખ ભરેલું પર્સ આંચકી ગયા

સીતાનગર ચોકડી તરફ જતાં એસ.એમ.સી. આવાસ પાસેની ઘટના

સુરતઃ વરાછામાંથી ઓટોરિક્ષામાં સવાર થઈ પરિવાર સાથે સીતાનગર ચોકડી તરફ જઈ રહેલા હીરા કારીગરની માતાના હાથમાંથી બાઈક પર આવેલા બે શખ્સ પર્સ ખેંચી ફરાર થઈ ગયા હતા. પર્સમાં રોકડ રકમ, બે મોબાઈલ ફોન અને સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. 2.44 લાખની મત્તા હતી.

મૂળ અમરેલીના જાફરાબાદ તાલુકાના ટીંબી ગામના વતની અને હાલ વરાછાની પુણા-બોમ્બે માર્કેટ રોડ પર આવેલી સ્વામિનારાયણ સોસાયટીમાં રહેતા 36 વર્ષીય દિનેશભાઈ બાલુભાઈ બલદાણીયા ઈચ્છાપોર ખાતે હરેકૃષ્ણ ડાયમંડમાં હીરાની મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ફરિયાદ મુજબ, 7 નવેમ્બર, 2026ના રોજ વહેલી સવારે પોણા ચાર વાગ્યાના અરસામાં દિનેશભાઈ પત્ની મનીષાબેન, માતા હંસાબેન અને ત્રણ સંતાનો સાથે વતન જવા ઘરેથી નીકળ્યા હતા. સીતાનગર ચોકડીથી બસ પકડવાની હોવાથી સોસાયટીના ગેટ બહારથી ઓટોરિક્ષા ભાડે કરી હતી. દિનેશભાઈ ડ્રાઈવરની બાજુમાં બેઠા હતા, જ્યારે પત્ની, માતા અને બાળકો પાછળ બેઠાં હતાં. સવારે ચાર વાગ્યાના અરસામાં ઓટોરિક્ષા એસ.એમ.સી. આવાસ પાસેથી સીતાનગર તરફ જતા ઓવરબ્રિજ પર ચઢી ત્યારે રેણુકા ભવન તરફથી કાળા કપડાં પહેરેલા બે શખ્સ હંસાબેનના હાથમાંથી કથ્થઈ રંગનું પર્સ ઝૂંટવી સીતાનગર ચોકડી તરફ બાઈક હંકારી નાસી છૂટ્યા હતા.પર્સમાં રૂ.30 હજાર રોકડા, રૂ.15 હજારની કિંમતના બે રેડમી મોબાઈલ, આશરે 22.99 ગ્રામનું સોનાનું ડોકિયું, પાંચ સોનાની વીંટીઓ, સોનાનો વેઢ, સોનાની બુટ્ટી, સોનાનો રુદ્રાક્ષનો પારો અને ચાંદીના છડા સહિત કુલ રૂ. 2,44,083ની મત્તા હતી. પરિવારજનોએ બાઈકસવારોનો પીછો કર્યો હતો, પરંતુ તેઓ હાથ લાગ્યા નહોતા.

અનુસંધાન ... પાના છેલ્લાનું

દીવાળીમાં રાત્રે...

તેમનું સ્વાગત કર્યું હતું. ત્યારથી દિવાળીને અંધકાર પર પ્રકાશ અને અસત્ય પર સત્યનો વિજયના પર્વ તરીકે ઉજવવામાં આવે છે. આમ શહેરમાં ધાર્મિક આસ્થા, પરંપરા અને પારિવારિક એકતાના સંગમ સમાન દિવાળી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. દીવડાની રોશની, રંગોળીની રંગત અને ફટાકડાની આતશબાજી વચ્ચે શહેરમાં દિવાળીની ખુશીઓ છવાઈ રહી હતી.

મોટુ બન્યા...

અને 42 સ્પેશિયલ ટ્રેન સહિત કુલ 73 ટ્રેનનું સંચાલન કરવામાં આવ્યું. સૌથી વધુ ભીડ દિવાળીના દિવસે 8 નવેમ્બરે નોંધાઈ હતી. આ દિવસે રાત્રે 1 વાગ્યાથી સવારે 10 વાગ્યા સુધી લગભગ 40 હજાર મુસાફર ઉધના સ્ટેશનથી રવાના થયા. એક દિવસમાં મુસાફરોના પ્રસ્થાનનો આ અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો હોવાનું કહેવાઈ રહ્યું છે.

ભીડનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે 6, 7 અને 8 નવેમ્બરે ત્રણ દિવસમાં જ 1,09,698 મુસાફર ઉધનાથી રવાના થયા. આ ત્રણ દિવસમાં મુસાફરોની સંખ્યામાં અચાનક થયેલા વધારાને જોતાં અધિકારીઓ અને સુરક્ષા દળોને સતત મોરચે રહેવું પડ્યું હતું.

ભીડ વ્યવસ્થાપનની કમાન સંભાળવા માટે મુંબઈ મંડળના ડીઆરએમ પોતે સ્ટેશન પર સક્રિય રહ્યા હતા. તેમની સાથે જીઆરપીના ડીવાયએસપી અને આરપીએફના સિનિયર ડીએસસીએ પણ વ્યવસ્થાઓની દેખરેખ રાખી હતી. મુસાફરોની સુવિધા અને સુરક્ષા માટે 18 જનરલ ટિકિટ કાઉન્ટર, 60 ચેકિંગ સ્ટાફ અને આરપીએફના 150 જવાન તૈનાત રહ્યા હતા.